# Success stories of passed out students'
## 1. Private Entrepreneurship in Landscapping

I am Kevin Mistry and passed out my Diploma in Horticulture from Horticulture Polytechnic, NAU, Navsari in the year 2014. This institute made me a cultured and disciplined person. Here I have learnt so many things of the subject theoretically and practically also. Specially, horticulture work experience programme opened my mind towards entrepreneurship. After completion of diploma, I have started a job at ESSAR Oil, Jamnagar on 1st December, 2014 but resigned on 1st July, 2015 due to some personal reasons. Experience from the job and my knowledge of horticulture made me decide to be an entrepreneur in gardening and landscaping. I have started a company with the same objectives in the year 2015. Within a short period of time, my company had reached the total turnover of 6,00,000 ₹ per annum in the year 2016. In the year 2017, the total turnover was 11,00,000 ₹ per annum and reached to 23,00,000 ₹ annually within five years. Today my company gives an employment to 22 labors regularly. As per customer's demand, my company carried out the gardens/landscaping/decoration work of Cricket ground, Party plots, Temple garden, School garden, Residency garden, Yoga garden, Terrace garden, Vegetables garden, Forest development, Supply of ornamental plants, Decoration of wedding places/Groom's Car, Water body/Water fall/Pond development and Tree transportation like activities successfully.

### Some of the work done by my firm "Mistry Gardening"








## Some of the work done by my firm "Mistry Gardening"











# ૨. બાગાયતી પાકોની સફળ ખેતી

હું કાછડીયા કુલદીપ બાબુભાઈ, ગામ–હનુમાન ખીજડીયા જી. અમરેલીનો વતની છું. મેં બાગાયત પોલીટેકનીક, ન.કૃ.યુ. નવસારીથી ડીપ્લોમાં પાસ કરેલ છે. આ કોલેજમાંથી મને પ્રાયોગીક દ્રષ્ટિએ ઘણું શીખવા અને જાણવા મળ્યું છે. આ કોલેજનું વાતાવરણ એક પરીવાર જેમ ખૂબ જ સરસ છે. જયારે કોલેજના છેલ્લા સત્રમાં હતો ત્યારે મારા મિત્રો સાથે કઈ રીતે સ્માર્ટ ખેતી કરવી અને મારા વતનમાં કયા પાકો વાવેતરમાં લઈ શકાય એના પર ઘણી ચર્ચા થતી હતી. છેલ્લા સત્રમાં શૈક્ષણિક પ્રવાસ પણ યોજાયેલ જેનાથી ઘણું જોવા, શીખવા અને માર્કેટમાં કયા પ્રશ્નો આવી શકે એના પર ખૂબ જ જાણકારી મળી. અને આ કોલેજ જેવી બીજી કોઈ કોલેજના હોઈ શકે એવો મારો પોતાનો અનુભવ છે.

મારી પાસે ૫૦ વીઘા જમીન છે. જેમાં મેં ૨૫૦૦ ચો. ફૂટ વિસ્તારમાં ડ્રેગનફ્રૂટનું વાવેતર કરેલ છે. જેમાં શરૂઆતમાં ઘણાં પ્રશ્નો આવ્યા અને એના નીકાલ સાથે પરીણામ પણ સારું મળ્યુ. બીજી ૨ વીઘા જમીનમાં હાઈબ્રીડ તરબૂચનું વાવેતર ડ્રીપ ઈરીગેશન અને મલ્ચીંગ સાથે કર્યું. જેમાં ફળની સાઈઝ, મીઠાસ તથા ખૂબ જ સારા ઉત્પાદન સાથે રૂા. ૧,૪૦,૦૦૦/– મળ્યા. ૨ વીઘા જમીનમાં મરચીનું વાવેતર કર્યું. જેમાં અંદાજીત રૂા. ૨,૫૦,૦૦૦/– મળ્યા. બીજી સીઝનમાં ફરીથી તરબૂચનું વાવેતર ૩.૫ વીઘામાં કર્યું. જેમાં રૂા. ૧૧૦૦–૧૨૦૦/– મણ ભાવો સાથે મને રૂા. ૨,૬૦,૦૦૦/– મળ્યા અને મરચીનું ૪ વીઘામાં વાવેતર અને ભીંડાનું ૧.૫ વીઘામાં કર્યું. ઉનાળાની ઋતુમાં કાકડી અને ઘીલોડાનું વાવેતર કર્યું. આ વર્ષ દરમ્યાન ખૂબ જ ગરમી પડવાના કારણે ઉત્પાદનમાં થોડો ઘટાડો જોવા મળેલ જેમાં ભીંડામાંથી રૂા. ૪૫,૦૦૦/– તથા કાકડી અને ઘીલોડામાં ૧,૩૦,૦૦૦/– મળ્યા. આ સાથે હું પાલખ, પાતરા, ધાણા અને મેથીનું પણ વાવેતર કરું છું. મને ગ્રીન હાઉસનો પણ શોખ છે જે આગળ જતા હું કરીશ.

કોન્ટેક્ટ નંબર :– ૯૯૦૯૫ ૮૫૮૨૭

## મારા દ્વારા કરવામાં આવેલ જુદા જુદા બાગાયતી પાકોની ખેતી



















# ૩. ડ્રેગનફ્રૂટની સફળ ખેતી

હું બોઘરા રવી, ગામ-કમલાપુર, તા. જસદણ, જિ. રાજકોટનો વતની છું. મેં વર્ષ ૨૦૧૮માં બાગાયત પોલીટેકનીક, નવસારીથી ડીપ્લોમાં કરેલ છે. કોલેજના ELP પ્રોગ્રામના પ્રાગોયીક અનુભવ તથા છેલ્લા સેમેસ્ટરના શૈક્ષણિક પ્રવાસનાં કારણે ઘણા બધા નવા વિચારો આવ્યા. જેમાં હું અને મારા મિત્રોએ મળીને ડ્રેગનફ્રૂટ વાવેતરનું પ્લાનીંગ કર્યું.

પોણા વિઘા જમીનમાં ૫૬૦ ડ્રેગનફ્રૂટના રોપ પાલીતાણાથી લઈ આવ્યો જેમાં ૧ પોલ દીઠ ૪ રોપનું વાવેતર કર્યું. જેમાં ૧ વર્ષ સુધી તો આવક ન આવી. બીજા વર્ષ ફળનો સારો ફાલ આવ્યો. અને એના માટે મેં માર્કેટીંગ સરસ કરવા માટે સારા પેકેજીંગ બોક્ષ પર ન્યુટ્રીશનવેલ્યુ સાથે સાથે ઓર્ગેનીક ફળનાં વેચાણ માટે મારી પોતાની બ્રાન્ડવેલ્યુ રાધે ડ્રેગનફ્રૂટ એન્ડ નર્સરી નામ રાખ્યુ. માર્કેટમાં મને ૧ કિ.ગ્રા. ડ્રેગનફ્રૂટના ભાવ ૨૦૦ થી ૨૫૦ રૂા. મળ્યા જેના લીધે મારો આત્માવિશ્વાસ પણ વધતો ગયો અને સારી આવક પણ મળી અને સાથે સાથે નવા છોડની કલમ બનવાનો પણ વિચાર કર્યો. ડ્રેગનફ્રૂટ મોટાભાગે દવામાં વપરાતું હોવાથી માર્કેટમાં ભાવો પણ સારા મળે છે. આ સાથે આગળ વર્ષ વધતા એક પોલ દીઠ ૨૦ થી ૨૫ કિ. ગ્રા. ની સરેરાશ આવક મળશે એવી આશા છે. સાથે સાથે પપૈયા અને મીલીયા દુબીયા વાવેતર કરવાનું પણ નક્કી થઈ ગયેલ છે.

કોન્ટેક્ટ નંબર :- ૯૬૦૧૩૫૯૪૦૮

# મારા દ્વારા કરવામાં આવેલ ડ્રેગનફ્રૂટની ખેતી




















